## રાજ્ય માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાની કામગીરી

★ ૧૫/૩/૪૮૧: ડૉ. તુષાર ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | અંબાજી, દ્વારકા. મોરબી, દહેજ, પાલીતાણા, ધોળાવીરા, રાજકોટ, અંકલેશ્વર, પરસોલી, રાજપીપળા, માંડવી, વણોદ(બેચરાજી) અને બગોદરા ખાતે રાજ્યની માલિકીની એરસ્ટ્રીપ વિકસાવવાનું આયોજન હતું, તે કામગીરી પ્રગતિમાં હતી તો તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ કેટલી એરસ્ટ્રીપનુ કામ પૂર્ણ થયું, | (૧) | રાજકોટ એરપોર્ટ અને માંડવી એરસ્ટ્રીપનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કઈ એરસ્ટ્રીપ વિકસાવવાની બાકી છે અને તેની કામગીરી કયાં તબક્કે છે, | (૨) | • અંબાજી, દ્વારકા, ધોળાવીરા, પરસોલી, રાજપીપળા અને બગોદરા ખાતે એરસ્ટ્રીપ વિકસાવવા જમીન મેળવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>• મોરબી ખાતે કમ્પાઉન્ડ વોલ બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. વધુમાં એરસ્ટ્રીપ વિસ્તરણ માટે વધારાની જમીન મેળવવાની કામગીરી પ્રગતિમાં છે.<br>• દહેજ અને પાલીતાણા ખાતે એરસ્ટ્રીપ વિકસાવવા પ્રી-ફીઝીબીલીટી સ્ટડી કર્યા બાદ આગળની કામગીરી હાથ ધરવામાં આવશે.<br>• અંકલેશ્વર ખાતે એરસ્ટ્રીપ બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

- વણોદ(બેચરાજી) ખાતે હવાઇપટ્ટી વિકસાવવાની કામગીરી વિચારણા હેઠળ છે.

(૩) બાકી એરસ્ટ્રીપને ક્યાં સુધીમાં વિકસાવવામાં આવશે, અને

(૩) બાકી એરસ્ટ્રીપ નિયમાનુસાર કાર્યવાહી હાથ ધર્યા બાદ વિકસાવવામાં આવશે.

(૪) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અંગે કઈ એરસ્ટ્રીપ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૪)

| વર્ષ | એરસ્ટ્રીપ | ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| તા.૦૧/૦૮/૨૦૨૧ થી ૩૧/૦૭/૨૦૨૨ | મોરબી | રૂ.૨૪.૩૪ |
| | રાજકોટ | રૂ.૬૭૨૧.૮૫ |
| | માંડવી | રૂ.૬૬.૫૬ |
| | અંકલેશ્વર | રૂ.૬૨.૯૬ |
| | | |
| ૦૧/૦૮/૨૦૨૨ થી ૩૧/૦૭/૨૦૨૩ | | |
| | માંડવી | રૂ.૫૭.૭૬ |
| | અંકલેશ્વર | રૂ.૨૧.૮૭ |
| | રાજપીપળા | રૂ.૦.૧૦ |
| | રાજકોટ | રૂ.૪૫૦.૬૫ |

ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૧૫/૦૯/૨૦૨૩

ક્રમાંક: વસપ/૧૦૨૦૨૩/તા.પ્ર-૩/ન
ઉદ્યોગ અને ખાણ વિભાગ ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૦૪/૦૯/૨૦૨૩

પ્રતિ,

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓના તા.૨૫/૦૮/૨૦૨૩ના પત્ર ક્રમાંક:પ્ર.પ/૧૦૪૩૯ અન્વયે વધારાની ત્રણ નકલો સહિત.

ISSUED
Dt.: 04.09.'23
Sign.: ...

O/C
04/09/'23

(બી.પી.મેંદપરા)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયન, સરદાર પટેલ એરપોર્ટ, ગુજસેલ કોમ્પલેક્ષ, અમદાવાદ.
- સી.ઇ.ઓ, ગુજસેલ, સરદાર પટેલ એરપોર્ટ, ગુજસેલ કોમ્પલેક્ષ, અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી, જ શાખા ,ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.